નં .વહી./જિફેબ/એકતરફી આવનાર/૨૦૨૪/7920

સીનીયોરીટ ક્રમ - **6**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત,
કાંસકીવાડ, જુના બસ સ્ટેન્ડ, સુરત. તા. ૧૩-૧૧-૨૦૨૪

પ્રતિ,
કણસાગરા રિન્કુબેન કિશોરભાઇ

શાળા : – કોટડા બાવીસી  તાલુકો : – જામજોધપુર, જિલ્લો : - જામનગર

ક્રમાંક : – **6**    વિભાગ અને વિષય : – ૬ થી ૮, ગણિત-વિજ્ઞાન    બદલી પ્રકાર : –  સીનીયોરીટી

**વિષય : એકતરફી જિલ્લા ફેરબદલી કેમ્પ (ઓફલાઇન) - ૨૦૨૪ માં હાજર રહેવા બાબત.**

સંદર્ભ :  ૧. શિ.વિ.નં.ઠરાવ ક્ર.પી.આર.ઇ./૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)તા.૧૧/૦૫/૨૦૨૩
૨. મે. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગરનાં પત્રક્રમાંક – પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૨૦૨૩-૭૪ તા.૦૯-૧૧-૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, આપનાં જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ઉચ્ચ પ્રાથમિક વિભાગનાં શિક્ષકોએ એકતરફી જિલ્લા ફેરબદલીથી આવવા માટે બદલી અંગેની અરજી કરી હતી. તેનાં અનુસંધાનમાં અને ઉપરોકત  સંદર્ભ: ૧ થી ૨ મુજબ તેમજ સરકારશ્રીની એકતરફી જિલ્લા ફેરબદલી અંગેની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર ધોરણ ૬ થી ૮ માં  ગણિત વિજ્ઞાન,ભાષાઓ  અને સામાજિક વિજ્ઞાનનો વિકલ્પ સ્વીકારેલ હોય અને જે-તે વિષયમાં નિમણુક પામેલ હોય તેવા શિક્ષકોએ લાયકાત સંબંધીનાં તમામ અસલ સર્ટી તથા એક ઝેરોક્ષ નકલ તેમજ એકતરફી જિલ્લા ફેર બદલી અંગેના આનુશંગિક પ્રમાણપત્ર/પૂરાવા સાથે નીચે જણાવેલ સમયપત્રક મુજબ નીચેની સુચનાઓને ધ્યાને લઈને એકતરફી જિલ્લા ફેરબદલી કેમ્પ (ઓફલાઇન) માં હાજર રહેશો. તથા નીચેના પ્રમાણપત્રો સાથે લાવવાનાં રહેશે.

| ક્રમ | કેમ્પની તારીખ અને સમય | વિભાગ | કેમ્પનું સ્થળ |
|---|---|---|---|
| ૨ | તારીખ : ૨૧-૧૧-૨૦૨૪,<br>સમય : સવારે ૧૦:૦૦ થી | ધોરણ :  ૬ થી ૮<br>વિભાગ : ગણિત-વિજ્ઞાન, ભાષા, અને સામાજીક વિજ્ઞાન | મહારાજા કૃષ્ણકુમાર સિંહજી પ્રાથમિક શાળા નંબર – ૩૩૪, મૌની ઈન્ટરનેશનલ સ્કુલની બાજુમા, જગદીશ્વર ફાર્મની સામે, ઉત્રાણ, સુરત – ૩૯૪૧૦૫ |

સૂચનાઓ : -

1. સદર કેમ્પમાં સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ દર્શિત ઠરાવો તથા ત્યારપછીની વખતો વખતની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.
2. **કેમ્પમાં જો તમો હાજર રહેશો નહીં તો ભવિષ્યમાં હાલની સીનીયોરીટી આધારે તમો જિલ્લા ફેરબદલી માટે હક્ક દાવો કરી શકશો નહીં જેની ખાસ નોંધ લેશો.** શાળાની સ્થળ પસંદગી માટે તમારે સ્વખર્ચે હાજર રહી ખાલી દર્શાવેલી જગ્યાઓમાંથી સીનીયોરીટી મુજબ સ્થળ પસંદગી કરવાની રહેશે. ટી.એ.ડી.એ. મળવાપાત્ર રહેશે નહિ.
3. ઉપરોક્ત પુરાવાઓના અભાવે તમો જિલ્લા ફેર બદલીની તક ગુમાવશો, તો તમારી અરજી દફતરે કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.
4. બદલી કેમ્પમાં જે પ્રાથમિક શાળામાં ખાલી જગ્યા હોય તેની યાદી મુકવામાં આવશે તે પૈકીની શાળા નિયમાનુસાર પસંદ કરવાની રહેશે. શાળા પસંદ કરવામાં નહીં આવશે તો તમારો જિલ્લા ફેરબદલી અંગેનો કોઇ હક્કદાવો રહેશે નહીં.
5. આ ઉપરાંત આપે અત્રેની કચેરીને કરેલ જિલ્લા ફેર માટેની અરજીની નકલ પુરાવા સાથે લાવવાની રહેશે.
6. ઉમેદવાર શિક્ષકે રજુ કરેલ આધાર પુરાવાઓ જો ભવિષ્યમાં ખોટાં માલૂમ પડશે, અગર ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉભો થશે તો તે અંગેની તમામ સઘળી જવાબદારી સબંધિત શિક્ષકની રહેશે.
7. જિલ્લા ફેરબદલીથી ભરવાપાત્ર જગ્યાની સામે પ્રતિક્ષા યાદીના ઉમેદવારોને બોલાવેલ હોય,જગ્યાઓ ભરાય ગયા બાદ કેમ્પ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવશે. આ કોલ લેટર મળ્યે આપને અત્રેના નગરમાં સમાવી લેવામાં આવશે એવો કોઇ હક્ક દાવો કરી શકાશે નહીં.
8. ઉક્ત તમામ સુચનાઓ ધ્યાને લઇ જરૂરી તમામ પ્રમાણિત કરેલા આધાર સાથે કેમ્પમાં સમયસર હાજર રહેવાનું રહેશે. સમયસર હાજર ન રહેનાર કે અપૂરતા  પ્રમાણપત્રો  / આધારો રજૂ કરવાના રજુ કરવાના કિસ્સામાં જીલ્લા ફેરબદલીને પાત્ર રહેશો નહીં તેમજ જીલ્લા ફેરબદલી અંગેનો આપનો દાવો ભવિષ્યમાં પણ રહેશે નહીં.

**ઉમેદવારોએ નીચેની વિગત મુજબના આધાર પુરાવાઓ સાથે લાવવાના રહેશે.**

1. કોઇ ખાતાકીય તપાસ કે પોલીસ કેસ ચાલુ, સૂચિત કે પડતર નથી તથા ફરજ મોકુફી હેઠળ નથી અને કોઇ સરકારી લેણું બાકી નથી તે અંગેનું જિ.પ્રા.શિ.અધિ. / તા.પ્રા.શિ.અધિ.શ્રીનું પ્રમાણપત્ર
2. ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકે વિકલ્પ સ્વીકારેલ હોય તો વિકલ્પ હુકમ તથા જે શાળામાં ફરજ બજાવતાં હોય તે શાળાનાં મુખ્ય શિક્ષકનું પ્રમાણપત્ર.
3. આ અગાઉ કોઇપણ પ્રકારે જિલ્લા ફેર બદલીનો લાભ લીધેલ નથી. તે બાબતનું જિ.પ્રા.શિ.અધિ. / તા.પ્રા.શિ.અધિ.શ્રીનું પ્રમાણપત્ર
4. સેવાપોથી પરથી જન્મ તારીખ, ખાતામાં દાખલ તારીખ અને નિમણુંકનું માધ્યમ સાથેનું જિ.પ્રા.શિ.અધિ. / તા.પ્રા.શિ.અધિ.શ્રીનું પ્રમાણપત્ર.
5. છેલ્લા પાંચ વર્ષનાં ખાનગી અહેવાલ.
6. નિમણુંક હુકમ અને નિયમિત પગાર ધોરણમાં સમાવ્યાનો હુકમની નકલ.
7. બિડાણ મુજબનું સામેલ માહિતીનું પત્રક બિનચૂક ભરીને સાથે લાવવાનું રહેશે.
8. સરકારી દંપતિ અને ગ્રાન્ટેડ દંપતિ અગ્રીમતાના કિસ્સામાં લગ્ન નોંધણીના પ્રમાણપત્રની નકલ રજુ કરવાની રહેશે તેમજ આ જિલ્લામાં પતિ–પત્નિ ફરજ બજાવતા હોય તે બાબતનું સરકારશ્રીના સંદર્ભ–૧ વાળ ઠરાવ માં દર્શાવેલ કચેરીના વડાની સહી વાળુ પરિશિષ્ટ–૧ અને આ જિલ્લામાં પતિ–પત્નિ ફરજ બજવાતા હોય તેમને નિમણુંક આદેશ અને જે કચેરી કે સંસ્થામાં નોકરી કરતા હોય તે કચેરી કે સંસ્થાનો સંદર્ભ–૧ વાળા ઠરાવની પ્રકરણ–E(૪ તથા ૫)જોગવાઈ મુજબનું પ્રમાણપત્ર તથા નિયત નમુનાનું સ્વઘોષણા પત્ર રજુ કરવાનું રહેશે.

ઇ.ચા. શાસનાધિકારી વતી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

નકલ રવાના :  ૧. માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લો : - જામનગર
સબંધિત શિક્ષકને આ કેમ્પમાં ઉપસ્થિત રહેવા આપની કક્ષાએથી જાણ કરવા સારૂં

**એકતરફી જિલ્લા ફેર બદલીથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતમાં આવવા માંગતા શિક્ષક અરજદારની માહિતી દર્શાવતા પત્રકનો નમૂનો**

1.જિલ્લા ફેર બદલીથી આવનાર કર્મચારીનું નામ : ..............................................................................

2. હાલની શાળાનુ નામ અને સરનામું : ..............................................................................

..............................................................................

3. લાયકાત :..............................................................................(વિકલ્પ સ્વિકારેલ હોય તો તેની વિગત)

4. વિકલ્પ કયા વિષયમાં સ્વીકારેલ છે ? : ..............................................................

5. જન્મ તારીખ : ..............................................................................

6. નોકરીમાં દાખલ તારીખ : ..............................................................................

7. નિયમિત પગાર તારીખ (હુકમ જોડવો): ............ ..............................................................................

8. નોકરીમાં દાખલ થયાનો જિલ્લો : ..............................................................................

9. વતનનું સરનામું : ..............................................................................

10. વય નિવૃત્તિમાં કેટલા વર્ષ ખુટે છે ? : ..............................................................................

11. અરજદાર કયા ખાસ પ્રકારની કેટેગરીમાં આવે છે? (વિધવા, દિવ્યાંગ, દંપતિ, વાલ્મિકિ) – ...............................................

(જો આવતા હોય તો તે અંગેની વિગતો દર્શાવવી અને પરિપત્ર મુજબના પુરાવા આ સાથે રજૂ કરવા)

12. નિમણુંક સમયે અગ્રીમતાનો લાભ લીધેલ છે કે કેમ ? ..............................

13. અરજદારે નોકરી દરમ્યાન જિલ્લા ફેરબદલીનો લાભ મળેલ છે કે કેમ ? ...................................................

14. છેલ્લા પાંચ વર્ષની કામગીરીના રિમાર્કસ : ..............................................................................

## :: પ્રમાણપત્ર ::

આથી પ્રમાણપત્ર આપવામા આવે છે કે ઉપરોક્ત વિગતો પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકશ્રી ..............................................................

પ્રાથમિક શાળા .................................. તાલુકો – ..................જિલ્લો : ..............................ની સેવાપોથી ઉપરથી ખાતરી કરીને દર્શાવેલ છે. જે બરાબર અને સાચી છે.

તારીખ : સક્ષમ સત્તાધિકારીની સહી

સ્થળ : અને કચેરીનો સિક્કો